ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરની ફુટપાથ અને પાર્કીગ પ્લેસ પર વકરતું દબાણ : નાગરિકો તોબા

**ફુટપાથ પર દબાણ કરવુ એક પ્રકારનુ લેન્ડ ગ્રેબિંગ : મહેસુલ મંત્રી : શહેરમાં દબાણની સમસ્યા નગરના મુખ્યમાર્ગોથી માંડી હવે રહેણાંક વિસ્તારની સોસાયટી સુધી પહોંચી : દબાણો કાયમી ધોરણે દુર કરવામાં તંત્રની ઘોર ઉદાસીનતાના લીધે દિન પ્રતિદિન સમસ્યા વધુ પેચીદી બનતી જાય છે**

ગાંધીનગર તા ૧૩

ગાંધીનગર હવે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. માળખાગત સુવિધાઓ અપગ્રેડ કરવાની સાથે શહેરમાં બ્યુટીફિકેશન પાછળ પણ તોતિંગ ખર્ચ થાય છે પરંતુ શહેરમાં ચાર દાયકાઓના અંતે પણ હજુ સુધી દબાણ અને તેની આનુસંગિક પ્રશ્નો હલ થતા નથી શહેરના મુખ્યમાર્ગોથી માંડી સેકટરોની સોસાયટીઓમાં પણ દબાણોએ અજગર ભરડો લીધો છે. શહેરમાં નોનવેજ આમલેટની પણ ૪૦૦ જેટલી લારીઓ ધમધમે છે. આ ઉપરાંત ફુટપાથ અને પાર્કીંગ પ્લેસ અને વન આરક્ષિત વિસ્તાર પણ દબાણોના સકંજામાં છે સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ ફુટપાથને અડીને ફેન્સીંગના દબાણો તાંણી બંધાયા છે. જેના લીધે આમ નાગરિકો માટે ડગલે ને પગલે દુવિધાઓ મંડરાય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખી નગરને સાચા અર્થમાં સ્માર્ટ બનાવવા માટે તંત્રએ પણ સ્માર્ટ નિર્ણયો અને કાર્યપધ્ધિત અપનાવાની અનિવાર્યતા છે.

શહેરમાં ફુટપાથનુ નેટવર્ક અંદાજિત ૧૦૦ કી મી થી વધુ વિસ્તારમાં પથરાયેલુ છે. ફુટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ વોક જે આશયથી નિર્માણ કરાયો છે તેનો હેતુ સરતો નથી જેના લીધે કરોડોના ખર્ચ પર પાણીઢોળ થઈ ગયુ છે. એક તો વરસાદી પાણીના નિકાલની કામગીરી બાદ મોટાભાગના ઠેકાણે ફુટપાથ પર ગાબડા જોવા મળે છે. કોર્પોરેશનની આડેધડ કામગીરીના અંતે યોગ્ય માટી પુરાણ ન થતા દોઢ વર્ષના અંતે પણ ફુટપાથની દશા સુધારવા માટે કોઈ પગલા લેવાયા નથી. જેના લીધે મોર્નિંગ વોકર્સ પણ ફુટપાથ પર વોકીંગ કરવાનુ પણ ટાળી રહ્યા છે. એકબાજુ ફુટપાથની જાળવણીના નામે મીંડુ છે. બીજીતરફ ગાબાડ ગ્રસ્ત ફુટપાથ દબાણોથી ઘેરાયેલી છે. સેકટરોમાં તેમજ મુખ્યમાર્ગોની આસપાસ નજર નાંખો ત્યાં ફુટપાથ પર દબાણોની ભરમાર જોવા મળે છે. પાર્કીંગ પ્લેસ પણ દબાણોની ગિરફતમાં છે. ત્યારે કેટલાક ઠેકાણે ફુટપાથ પર વર્ષોથી દબાણોનો અડ્ડો જામ્યો છે. દબાણોના લીધે વોક વે પર મોટી અડચણ ઉભી થાય છે. ગંદકી અને આસપાસ માર્ગ પર ટ્રાફિક જામના દ્રશ્યો પણ સર્જાય છે. ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ તેનો આશય જળવાતો નથી. નગરના પાર્કીંગ પ્લેસ અને ફુટપાથ બન્ને પર દબાણોની ભરમાર જોવા મળે છે. તંત્ર દ્વારા વર્ષમાં એકાદ વાર દબાણ ઝુંબેશ હાથ ધરીને નાટકીય કામગીરી કરવામાં આવે છે.

● અનુસંધાન પાન-૩ પર

## શહેરમાં દબાણો અંગે સર્વે હાથ ધરાશે : મેયર

રાજકોટ વડોદરા સહીતના શહેરમાં નોનવેજની રેકડીના દબાણો સામે વિરોધનો વંટોળ ઉઠવા પામ્યો છે. ત્યારે પાટનગરમાં પણ આ મામલે દિવા તળે અંધારા જેવી સ્થિતિ છે. શહેરમાં ગીચતા નથી પરંતુ વધતા દબાણો હરિયાળી સામે ખતરો બની રહ્યા છે. શહેરમાં બ્યુટીફિકેશન પાછળ થતા ખર્ચ પર દબાણોના લીધે પાણી ઢોળ થઈ રહ્યુ છે. દબાણની સમસ્યા માત્ર કાર્મશિયલ વિસ્તાર પુરતી સમિત રહી નથી. નગરના ફુટપાથ , વન આરક્ષિત વિસ્તાર અને સેકટરોની સોસાયટીઓ પણ દબાણોની ગિરફતમાં છે. ત્યારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા ગાંધીનગરને કદરુપુ બનાવતા દબાણોને દુર કરવા માટે એકશન પ્લાન તૈયાર કરવામાં આવે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ ટુંકમાં દબાણોના મામલે સર્વે હાથ ધરવામાં આવશે. મેયરે શહેરમાં દબાણો દુર કરવાના પ્રાથમિક પ્રયાસરૂપે દબાણો અંગે સર્વે કરવા પણ સુચના આપી છે. પરંતુ સર્વે બાદ આગળ નકકર કાર્યવાહી થાય તે પણ અનિવાર્ય છે. શહેરમાં દબાણોના મામલે સમયાંતરે રીપોર્ટ પણ તૈયાર કરવામાં આવે છે. કયાં કેટલા દબાણો છે તેની માહીતી તંત્ર પાસે હોય જ છે પરંતુ દબાણો દુર કરવાની વાત માત્ર ઝુંબેશના દાયરામાં આવી જતા દિનપ્રતિદિન દબાણો વધતા જાય છે



સેક્ટર-૧૯માં શોપીંગ સેન્ટર પાસે પાણીની પાઈપલાઈન લીકેજ થઈ છે, જેના કારણે આ વિસ્તારમાં પાણીના ખાબોચિયા ભરાયા છે. પાણીના ખાબોચિયામાં મચ્છરોનો ઉપદ્રવ થતાં રોગચાળાની દહેશત ફેલાઈ છે.

# ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પછી ૫૦ હજારથી વધુ મતદારો વધ્યા છે...

ગાંધીનગર, તા. ૧૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પછી જિલ્લામાં ૫૦ હજારથી વધુ મતદારો વધ્યા છે. કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ ૧લી નવેમ્બરથી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત આજે ખાસ સઘન ઝુંબેશ સુધારણા અભિયાનને લઈ યોજાશે.

જિલ્લામાં કોરોના મહામારી પછી હાથ ધરાયેલી આ સુધારણા ઝુંબેશનું મહત્વ વિશેષ છે. આગામી વર્ષે વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. આ સુધારણા ઝુંબેશને આધારે જાન્યુઆરીમાં મતદારયાદી પ્રસિદ્ધ થશે. જેમાં કેવા અને કેટલા ફેરફારો થશે તેના પર રાજકીય નિરીક્ષકો અને રાજકીય વિશ્લેષકો નજર માંડીને બેઠા છે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ ૩૦ નવેમ્બર સુધી ચાલશે. આ અભિયાન અંતર્ગત ૪ ખાસ ઝુંબેશો હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લામાં ૨૫-૯-૧૭ ના રોજ ૧૧,૭૫,૫૯૪ મતદારો નોંધાયેલા હતા. જેમાં દહેગામમમાં ૨,૦૧,૩૬૩, ગાંધીનગર(દ)માં ૩,૦૪,૯૫૧, ગાંધીનગર(ઉ)માં ૨,૩૨,૩૭૫, માણસામાં ૨,૧૨,૭૭૮ અને કલોલમાં ૨,૨૪,૧૨૭ મતદારો હતા. આ પછી ચાર વર્ષ થયા છે.

**આજે મતદારયાદી સુધારણા અંતર્ગત સઘન ઝુંબેશ યોજાશે : રાજકીય પક્ષો સક્રિય થયા**

૧-૧-૨૦ના રોજ જાહેર થયેલ મતદારયાદી પ્રમાણે દહેગામમાં ૨,૦૭,૩૫૬, ગાંધીનગર(દ)માં ૩,૨૬,૦૨૨, ગાંધીનગર(ઉ)માં ૨,૪૨,૧૩૧, માણસામાં ૨,૧૮,૧૩૫ અને કલોલમાં ૨,૩૨,૧૨૪ મતદારો નોંધાયેલા હતા.

જિલ્લામાં સૌથી વધુ મતદારો ગાંધીનગર(દ)માં વધ્યા હતા. જેમાં ૨૨ હજાર જેટલા મતદારો વધ્યા હતા. ગાંધીનગર(ઉ)માં ૧૦ હજાર જેટલા, માણસામાં ૬ હજાર જેટલા અને કલોલમાં ૮ હજાર જેટલા, દહેગામમાં ૬ હજાર જેટલા મતદારો વધવા પામ્યા છે.

મતદારયાદી સુધારણા અભિયાનને લઈ રાજકીય પક્ષો પણ આ વખતે વધુ સક્રિય જોવા મળી રહ્યા છે. સઘન ઝુંબેશ અભિયાન દરમ્યાન બુથલેવલ ઓફિસરો જે તે મતદાન મથકે સવારે ૧૦ થી ૫ વાગ્યા સુધી હાજર રહી હક્ક દાવાઓ અને નામ દાખલ, નામ કમી કરવાની અરજીઓ તેમજ નામ સુધારવા માટેની અરજીઓનો સ્વીકાર કરશે.

આ ખાસ સઘન ઝુંબેશનું જિલ્લાકક્ષાએથી પણ ખાસ મોનીટરીંગ થશે તેમજ મતદાર નોંધણી અધિકારીઓની કચેરીઓ પણ કાર્યરત થશે.

આજની આ ખાસ સઘન ઝુંબેશને લઈ તંત્રએ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૪, ૨૧ તેમજ ૨૭, ૨૮ નવેમ્બર દરમ્યાન આ ખાસ સઘન ઝુંબેશ અભિયાન યોજવામાં આવશે.

# જિલ્લામાં ૬૫૦૦થી વધુને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનની ગતિ ધીમી પડી છે. શહેર-જિલ્લામાં આજે ૬૫૦૦થી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪૦૫૨ લોકોને અને શહેરમાં ૨૪૭૦ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૧૮૧૬૮૧૯ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૫૨૫૨૮૩ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં વેક્સિનનો બીજો ડોઝ લેવામાં લોકો ઉદાસીનતા બતાવી રહ્યા છે. એસ.એમ.એસ. તંત્ર દ્વારા કરી વેક્સિનનો બીજો ડોઝ લેવા જણાવાઈ રહ્યુ છે પણ તેને એટલો સારો પ્રતિસાદ મળતો નથી. તંત્ર હવે હાઉસ ટુ હાઉસ વેક્સિનેશન અભિયાન શરૂ કરવા માટેનું આયોજન તૈયાર કરી દીધુ છે અને આગામી સપ્તાહથી તે અમલી બનશે.

શહેરમાં ૩,૬૩,૬૨૯ લોકોએ વેક્સિનનો પ્રથમ ડોઝ લીધો છે જ્યારે ૨,૩૦,૨૫૭ લોકોએ વેક્સિનના બન્ને ડોઝ લઈ લીધા છે.

# જિલ્લા ભાજપનું સ્નેહમિલન આજે ચિલોડા ખાતે યોજાશે

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને રાજ્ય ગૃહમંત્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લા ભાજપનું સ્નેહમિલન સમારોહ આજે ચિલોડા ખાતે યોજાશે.

જિલ્લા ભાજપના આ સ્નેહમિલન સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજ્ય ગૃહમંત્રી અને જિલ્લાના પ્રભારી મંત્રી હર્ષ સંઘવી, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, જિલ્લાના નિરીક્ષકો ડૉ. હર્ષદભાઈ પટેલ અને પંકજભાઈ ચૌધરી પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

સાંજે ચાર વાગે એસ.પી. રિસોર્ટ ખાતે યોજાશે. જિલ્લા ભાજપ દ્વારા આ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.




આજરોજ ભાજપ મહાનગરનો નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ કમલાપૂંજ લોન્સ વાવોલ ખાતે ગુજરાત ભાજપના સહ પ્રભારી સુધીર ગુતાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, શહેર પ્રભારી મોહનભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુડા વિસ્તારમાં નવા ઉધાનોનુ નિર્માણ કરાશે

**ટાઉન પ્લાનીંગના વિવિધ પ્લોટસ પર બગીચાઓ બનાવાશે : ગ્રીન સીટીના કન્સેપ્ટને ગુડા વેગ આપશે : કોલવડામાં વરસાદી દિવસોમાં ઉદભવતી નાળા છલકાવાની સમસ્યા દુર કરવા પણ કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૩

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડાની વિવિધ ટી પી સ્કીમમાં નવા ઉધાનો બનાવવા માટે અગાઉ મળેલી બોર્ડ બેઠકમાં નિર્ણય લેવાયો છે. જયારે બગીચાઓના નિર્માણનુ કામ પણ ઝડપથી હાથ ધરવાની દિશામાં ચક્રો ગતિમાન થયા છે. વાવોલમાં ભારે વાહનોની અવરજવરને અંકુશમાં લેવા માટે ટ્રાફિક આયલેન્ડ તેમજ સરઢવમાં પણ નવો બગીચો બનાવવા રૂ ૧૧.૮૦ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો તેજ ગતિએ હાથ ધરવામાં આવે તે મુજબનુ પ્લાનીંગ કરાયુ છે જયારે ગુડા વિસ્તારમાં નવી આવાસ યોજના તેમજ માર્ગ નિર્માણના કામો પણ શરૂ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત થોડા દિવસો અગાઉ મળેલી ગુડાની બોર્ડ બેઠકમાં ન્યુ ગાંધીગરમાં વિવિધ ટાઉન પ્લાનીગ સ્કીમમાં કપાતમાં લેવાયેલી જગ્યા પર બગીચાઓ બનાવાનો નિર્ણય લેવાયો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગુડાના કુડાસણ, સરગાસણ,ધોળાકુવા, વિસ્તારમાં અનામત રખાયેલા પ્લોટમાં બગીચા બનાવવાનુ આયોજન કરાયુ છે. સરગાસણ ,કુડાસણ અને પોરમાં પણ બગીચા નિર્માણ માટે સ્થળ પસંદગી કરી દેવામાં આવી છે. આ ઉપરાંત વાસણા હડમતિયા , ઉવારસદ તારાપુરમાં પણ વિવિધ પ્લોટમાં બગીચા નિર્માણનુ કામ હાથ ધરાશે જયારે વાવોલ બગીચા નિર્માણ માટે ચાર પ્લોટની પસદંગી કરવામાં આવી છે. સરઢવ ગામ વિસ્તારમાં પણ એક બગીચો બનાવાશે. આ ઉપરાંત ટાઉન પ્લાનીંગ સ્કીમ પૈકીની ૯, ૧૩ અને ૧૪ અલબત્ત કોલવડા વિસ્તારમાં વરસાદી દિવસો દરમિયાન વોંકળા, ગટર કે નાળા છલકાવાથી બંધ થતા રસ્તાની સમસ્યા દુર કરવા માટે બોક્સ કલ્વટર્સ બનાવવા માટે પણ ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આમ આગામી દિવસોમાં ગુડા વિસ્તાર માળખાગત સુવિધાઓથી સજ્જ થવાની સાથે જાહેર હીતની પરિપુર્તિ માટે વધુ સોહામણો અને હરિયાળો બને તે માટે ગ્રીન સીટીના કન્સેપ્ટને પણ વેગ આપવા માટે આયોજન કરાયુ છે.

# રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના ૩૭ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં કોરોનાના કેસ અચાનક માથુ ઉચકી રહ્યા છે. ગુજરાતમાં આજે કોરોનાને ૩૭ નવા કેસ નોંધાયા છે. તો બીજી તરફ ૩૨ દર્દીઓ સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૦૮ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. તો બીજી તરફ રાજ્ય સરકાર કોરોના વેક્સિનેશનના મુદ્દે પણ મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૪,૨૬,૫૧૬ નાગરિકોનું રસીકરણ થયું હતું.

જો એક્ટિવ કેસની વાત કરીએ તો રાજ્યમાં કુલ ૨૨૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૬ નાગરિકો વેન્ટીલેટર પર છે. જ્યારે ૨૨૦થી વધારે નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૬,૬૦૮ નાગરિકો ડીસ્ચાર્જ થઈ ચુક્યા છે. ૧૦૦૯૦ નાગરિકો અત્યાર સુધી કોરોનાને કારણે પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે.

જો કે આજે રસપ્રદ બાબત છે કે, આજે એક પણ નાગરિકનું મોત નથી નિપજ્યું જે રાજ્ય માટે રાહતના સમાચાર ગણી શકાય. આજે સૌથી વધારે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૦, સુરત કોર્પોરેશનમાં ૭, વડોદરા કોર્પોરેશન ૬, નવસારી અને વલસાડમાં ૪, બનાસકાંઠા, ગીર સોમનાથ, મહેસાણા, પંચમહાલ, સુરત અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા હતા. આ પ્રકારે કુલ ૩૭ કેસ નોંધાયા હતા.

જો રસીકરણની વાત કરીએ તો આજના દિવસમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૧૦ વર્કરને રસીનો પ્રથમ ડોઝ જ્યારે ૧૩૦૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૪૫ વર્ષથી વધારે ઉંમરના ૯૫૧૯ નાગરિકોને રસીનો પ્રથમ અને ૧૦૪૭૪૭ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાઈ ચુક્યો છે. ૧૮-૪૫ વર્ષના નાગરિકો પૈકી ૨૭૯૭૮ નાગરિકોને રસીનો પ્રથમ અને ૨૮૨૯૫૬ નાગરિકોને રસીનો બીજો ડોઝ અપાયો હતો. ૪૨૬૫૧૬ નાગરિકોનું આજના દિવસમાં રસીકરણ થઈ ચુક્યું છે.

# દહેગામના નવા થાંભલિયા ગામે પાંચ પશુના ખરવા રોગને કારણે મોત થયા

ગાંધીનગર, તા. ૧૩

દહેગામ તાલુકાના નવા થાંભલિયા ગામે છેલ્લા ૪-૫ દિવસથી પશુઓમાં ખરવાના રોગે દેખા દીધી છે. આ ગામમાં ગાય-ભેંસ એમ બે સંવર્ગના પાંચ જેટલા પશુઓના મોત પણ નિપજ્યા હોવાથી પંથકના પશુપાલકોમાં ભય અને ગભરાટની લાગણી ઉભી થવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આ રોગમાં સપડાયેલા પશુઓ ગણતરીના દિવસોમાં જ મોતને ભેટી રહ્યા છે. પાંચ દુધાળા પશુ મોતને ભેટ્યા છે તેવા ખેડૂત પરિવારોની હાલત કફોડી થઈ છે.

પશુપાલકો પશુપાલન વિભાગની નિષ્ણાતોની ટીમ અહિ મુલાકાત લે અને તાત્કાલિક સારવાર અભિયાન શરૂ કરે તેવી માંગ કરી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પરંપરા
ફાર્મ એન્ડ પાર્ટી પ્લોટ
ક-૭ સર્કલથી રાંધેજા ચોકડી પહેલા, ટાટા મોટર્સની સામે, ગાંધીનગર
પાર્ટી પ્લોટ, રૂમો, ડેકોરેશન સાથે ૩૦૦૦ વ્યક્તિનાં ફંકશનની ઈવેન્ટ માટે
સંપર્ક : શ્રી રાવલ મંડપ ડેકોરેશન કેટરર્સ
Mo. 7359800880, 9824267535, 9427487999

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com